બાલવાર્તાવલિ. અંક ૫ મો.

વર્ગ ત્રીજો.

પરધન મિટ્ટી સમાન.

પ્રકાશક—

વીરબલ હરિસુખરામ મહેતા.
એસ. ટી. સી.

બાલસાહિત્ય પ્રકાશ મંદિર,
સિટિ પોસ્ટ ઑફિસ પાસે,
વડોદરા.

મૂલ્ય એક આનો.

બાલસાહિત્ય પ્રકાશ મંદિર

વડોદરા.

સ્થાપક

હીરાલાલ હરિસુખરામ મહેતા. એસ. ટી. સી; એફ. ટી. એસ.
જોઇન્ટ મેનેજર, શ્રી સયાજી હાઇસ્કૂલ; વડોદરા.

બાળકો દેશના ભવિષ્યના સ્તંભો છે. જેવાં આજનાં બાળકો તેવો કાલનો દેશ. આ સાદું સૂત્ર અને બાળકેળવણીના સાધનસમૂહમાં સાહિત્યનું સ્થાન એ બે બાબતપર ગુર્જર બાળકોનાં માબાપોનું કે સાહિત્યસેવકોનું બહુ લક્ષ ખેંચાયું હોય એમ લાગતું નથી. અંગ્રેજી સાહિત્યમાં બાળકોને માટે ખાસ સાહિત્ય છે, બાળકોને આનંદ આપે એવાં અનેક પુસ્તકો પ્રતિ વર્ષ પ્રકટ થાય છે, અને બાળોપયોગી માસિકો પણ ઓછાં નથી. પરન્તુ આપણા સંકુચિત સાહિત્યમાં બાળકોને યોગ્ય સાહિત્ય ઘણું ઓછું છે. લગભગ નથી એમ કહીએ તો ચાલે. આ એક મોટી ખોટ છે.

બાળકોને યોગ્ય સાહિત્ય, ગુજરાતી તેમજ ઇતર સાહિત્યમાંથી એકત્ર કરી, તથા નવું સાહિત્ય ઉત્પન્ન કરી, બાલસાહિત્યની મોટી ખોટ પૂરી પાડવા **'બાલસાહિત્ય પ્રકાશ મંદિરની'** પ્રવૃત્તિ છે. તેને અંગે બાળ–હૃદયમાં વાચનવિલાસ જાગૃત કરવા–નાનપણથીજ સાહિત્ય પ્રતિ રુચિ ધરાવતા થાય તેમ કરવા–**બાલવાર્તાવલિની** યોજના કરી છે. આ વાર્તાવલિ ઉપરાંત બાળકોને યોગ્ય ઇતર સાહિત્ય પણ પ્રકટ કરવાની ધારણા છે. બાળકોનાં માબાપો અને સાક્ષરો જેટલે અંશે આ યોજનાનો સત્કાર કરશે તેટલેજ અંશે તે ફળીભૂત થશે.

સાક્ષરો ને બાળકોના હિતચિંતકો જો લેખો મોકલશે તો કૃપા થશે.

બાલવાર્તાવલિ. અંક ૫ મો.

વર્ગ ત્રીજો.

પરધન મિટ્ટી સમાન.

લેખક
છગનલાલ હરિલાલ પંડ્યા, બી. એ.
જૂનાગઢ.

પ્રકાશક
વીરબલ હરિસુખરામ મહેતા.
એસ. ટી. સી; એફ. ટી. એસ.
બાલસાહિત્ય પ્રકાશ મંદિર,
સિટિ પોસ્ટ ઑફિસ પાસે,
વડોદરા.

પ્રથમાવૃત્તિ.

સંવત્ ૧૯૭૨. ઈ. સ. ૧૯૧૫.

મૂલ્ય આનો એક.

પ્રસ્તાવના.

"પરધન મિટ્ટી સમાન" આ બાલવાર્તાવલિનો પાંચમો અંક છે. એના લેખક પણ સાક્ષર શ્રીયુત છગનલાલ હરિલાલ પંડ્યા, બી. એ. છે.

આ વાર્તાવલિની પ્રસિદ્ધિના કાર્યમાં મ્હારા સન્મિત્ર રા. દયાશંકર ભાઈશંકર શુક્લ જે મદદ કરે છે તેને માટે ત્હેમનો ઉપકાર માનવો ઘટે છે.

બાલસાહિત્ય પ્રકાશ મંદિર,
સિટિ પોસ્ટ ઑફિસ પાસે
વડોદરા.
તા. ૨૦-૧૧-૧૫.

વી. હ. મહેતા.

પરધન મિટ્ટી સમાન.

मातृवत परदारेषु परद्रव्येषु लोष्टवत् ।
आत्मवत सर्व भूतेषु यःपश्यति स पश्यति ॥

પરસ્ત્રી માત સમાન ને પર ધન મિટ્ટી સમાન;
સર્વે પ્રાણી આત્મવત્ જુએ સત્ય જોનાર.

મ્હારા પિતાની અઢળક મિલ્કતનો હું વારસ થઇશ એવું તો મ્હેં કદી સ્વપ્નામાં પણ ધાર્યું ન હતું કેમકે પાંચેક વર્ષ થયાં હું તેમનાથી છૂટો પડયો ત્યારે મ્હારે અને એમને એટલી બોલાચાલી થઇ હતી કે તે ઉપરથી તેમણે મને પોતાની કમાણીમાંથી એક પાઈ પણ મળશે નહિ એમ ચોખ્ખું કહી દીધું હતું અને મ્હારે એ હરામનો પૈસો લેવો નહિ એવો મ્હારો નિશ્ચય પણ હતો. અમારે બંનેને તકરાર પણ એટલા માટેજ થઇ હતી. નાનપણમાં તો હું કંઇ સમજતો નહિ તેથી એમની ગાડીઓ, ઘોડા, ચાકર નફર, બાગ બગીચા, બંગલા, મીજલસો વિગેરેથી મ્હારૂં મન અંજાઇ જતું અને સર્વ મ્હારૂંજ છે એમ હું સ્વાભાવિક રીતે માનતો તથા તેમાં આનંદ લેતો, પણ જેમ જેમ હું મ્હોટો તથા સમજણો થતો ગયો ને લોકોમાં હરતો ફરતો થયો તેમ તેમ મ્હારે કાને વાતો આવવા માંડી તેથી મ્હેં જાણ્યું કે મ્હારા પિતાએ પૈસો પ્રથમ જાત મહેનતથી નહિ પણ કુડકપટથી મેળવ્યો હતો અને એ જ્ઞાન થતાંજ મને તેમની જાતને માટે તથા તેમની દોલતને માટે તિરસ્કાર આવવા લાગ્યો.

પાકી ઉમર થતાં સ્પષ્ટ રીતે મ્હારા સમજવામાં આવ્યું કે મ્હારા પિતાએ કોઈ મનમોહનદાસ નામના ભાટીઆને નામે સટ્ટો કરાવ્યો હતો અને તેમાં મ્હોટો તડાકો પડ્યો તે વેળાજ તેમની બુદ્ધિ બગડી તેથી તમામ રકમ પોતેજ ઉચાપત કરી જવાના ઇરાદાથી તેમણે મનમોહનદાસના ભટને કંઈક મ્હોટી રકમ આપવાની કરીને તેમના ભોજનમાં વિષ-પ્રયોગ અજમાવ્યો હતો ને તેને પરિણામે તે બિચારા એક સુશીલ વિધવા અને કોમળ વયની બાળકીને મૂકીને અચાનક મરણ પામ્યા હતા. આ બીનાનો ખટકો મ્હારા મગજને કીડાની પેઠે કોરી ખાતો હતો અને એ બિચારાં અનાથ માદીકરીની હવે શી અવસ્થા થઇ હશે-તેઓ કેવા દુઃખમાં ડુબી ગયાં હશે-જીવતાં હશે કે નહિ-કેમ કરીને પોતાનું ગુજરાન ચલાવતાં હશે-ક્યાં રહેતાં હશે-એવા અનેક વિચારો મને રાત દિવસ આવ્યાં કરતા તેથી તેમની મ્હેં ખાનગી રીતે શોધ પણ કરવા માંડી હતી, પરંતુ ઘણા પ્રયત્નો કર્યાં છતાં તેમનો પત્તો ખાધો નહિ તેથી મ્હારી ચિન્તા વધવા લાગી, અને પોતાના ભાગીયાનું ખુન કરાવીને મ્હારા પિતાએ મેળવેલો આ પૈસો ક્યારે તેના યોગ્ય અધિકારીને સોપું એટલીજ મને અહર્નિશ ચિંતા થયાં કરતી હતી. મ્હારૂં ઉંચું મન થએલું તેથી વાતચીતમાં પણ મ્હારા પિતાની સાથે મ્હારાથી અસભ્યતા અણધાર્યે વપરાઇ જતી. મને આખો દિવસ ઉદાસ જોઇને-અગાઉની પેઠે ગાડી ઘોડે ફરવા હરવા નહિ જતાં મ્હારા ઓરડામાંજ બેસી રહેતો જોઇને-તેમને કદાચ કંઈ લાગ્યું પણ હશે પરંતુ અમારે કોઈ દિવસ હજી ચોખ્ખી વાત તે સંબંધે થઈ ન હતી. હું સત્તરેક વર્ષનો થયો ને મને પોતાના ધંધામાં જોડાવાની તેમણે સલાહ આપી ત્યારેજ મ્હારાથી એકવાર રહેવાયું નહિ તેથી મ્હેં તેમને ચોખ્ખા શબ્દોમાં

કહ્યું કે:—"આપની દોલત પ્રમાણિકપણેજ મેળવેલી છે એમ હું ખાત્રીથી માનતો હત તો આપની આજ્ઞાને અધીન થઈને તેને સં-ભાળવા-તેની વ્યવસ્થા કરવા—અને તેમાં વધારો કરવા હું તનમનથી તત્પર થાત, પણ આપનું અંતઃકરણ સાક્ષી પૂરતુંજ હશે કે આપે તે લોહીમાં ખરડાયેલે હાથે-પરાયા માણસના જીવને સાટે-જેને તે મળવી જોઈએ તેનું જ ગળું કાપીને—તેની બૈરીને તથા પુત્રીને રખડતાં, ટળવળતાં, નાગાંપૂગાં, ભીખ માગતાં કરી દઈને મેળવેલી છે. બ્હારથી આપ સત્ય વ-ર્તનનો—પ્રમાણિકપણાનો-ડોળ ઘાલોછો પણ પરમાત્મા પાસે આપ જશો ત્યારે શો જવાબ દેશો તેનો ખ્યાલ આપને આવતો નહિ હોય. આપ જાણોછો કે જગત્ બધું આંધળું છે અને આપનુ આ ઘોર પાપકર્મ કોઈ જાણતું નથી પણ ભલે આપની દોલતના તેજમાં અંજાઈને કોઈ આપને મ્હોંએ નહિ કહેતું હોય પરંતુ સેંકડે નેવુ વેપારીઓ તો આપના એ કાળા કર્મથી સંપૂર્ણ રીતે વાકેફ છે. મનમોહનદાસનું અચાનક મરણ થતાં પોલીસની તપાસમાં પુરાવો સજ્જડ નીકળે એવો હતો તે પણ આપે આડે હાથે લાંચ આપીને દબાવી દીધો હતો ને પૂર્વકાળનાં સંચિત કંઈક હશે તેથી અત્યાર સુધી આપ બચી જવા પામ્યા છો. પણ એમ ન ધારશો કે ઈશ્વરને ત્યાં ઈન્સાફ નથી. તમારી દોલતનું ગમે તેમ થાઓ તેની મને લેશ પણ ચિન્તા નથી. મ્હારે એમાંની એક પાઈ પણ જોયતી નથી અને આજથી હું હવે આપના મકાનમાં પણ રહેવા માગતો નથી."

મ્હારો પિ-તો આ પ્રમાણે ઉકળેલો જોઈને મ્હારા પિતા તો સ્તબ્ધજ બની ગયા. મ્હારા જેવો બાળક છોકરો-પોતાનોજ પુત્ર-પોતાના ઉપર આવો તિરસ્કાર બતાવે એ કંઈ એમનાથી સાંખી રહેવાયું નહિ. તેઓ દાંત પીસીને ડોળા કાઢીને મને ધમકાવવા લાગ્યા

અને ગમે તેવો પોતાનો પૈસો હશે પણ તેમાંથી એક દમડી પણ મને મળનાર નથી–મ્હારા પણ જુદાજ હાલ થવાના છે–વિગેરે ગુસ્સાના શબ્દોમાં પોતાના ઉદ્ગાર કાઢીને લાલચોળ બની ગયેલે ચહેરે મ્હારી સામા આવીને ઉભા રહ્યા. એમનું ચાલત તો મને ત્યાં એ હારજ કરત પણ સારે ભાગ્યે ત્યાંથી હું એકદમ ખસી ગયો ને બંદર ઉપર જઇ તેજ દિવસ ચાલતી સ્ટીમરમાં આફ્રિકા તરફ જવા ઉપડી ગયો.

આફ્રિકામાં અમારી ન્યાતના કેટલાક વેપારી મ્હારા ઓળખીતા હતા તેમાંના એક અમારા સગાની દુકાનમાં હું રહ્યો અને મ્હારી જાત મહેનતથી દુકાનના સર્વે કામની માહેતી મેળવી તેમને હું ખરા દિલથી મદદ કરતો હતો તેથી તેમનું મન પણ મ્હારા પ્રતિ સ્વાભાવિક રીતે આકર્ષાવા લાગ્યું હતું અને તેમણે પોતાની દુકાનમાં મ્હારો ભાગ રાખવાની ગોઠવણ કરી આપી હતી તેથી સર્વ રીતે મને સંતોષ હતો. અમારૂં કામ ધમધોકાર ચાલતું હતું તેથી મને બીજા વિષયોની ચિન્તા કરવાનો વખત પણ મળતો ન હતો પરંતુ કોઇ વેળા હું રાતે ઉંઘમાંથી જાગતો ત્યારે મને બિચારા મનમોહનદાસની વિધવા તથા બાળકીના વિચારો અનાયાસે આવી જતા અને પ્રભુ કરેને તેમનો મ્હારે હાથે, કંઇક પણ, મ્હારા પિતાના કુકૃત્યથી ખમવી પડેલી દુર્દશામાંથી ઉદ્ધાર થાય એમ હું પ્રાર્થના કરતો હતો, પણ તેઓ ક્યાં હશે–મ્હારે પાછું મુંબઇ જવાનું ક્યારે થશે–તેટલામાં તો તેઓ તદન કંગાલ થઇ ગયાં હશે–એમ જ્યારે મને ભાન થતું ત્યારે હું સર્વ આશા એ તરફની મૂકી દેતો ને પ્રભુમાંજ આસ્થા રાખી મન વાળતો.

આવી રીતે અમારા દિવસો જતા હતા એટલામાં એકવાર

સવારે ઉઠીને હું દુકાને જતો હતો ત્યાં મ્હારા નામનો તાર લઇને પટાવાળો આવતો હતો તેણે મ્હારૂં નામ પોકાર્યું તેથી મ્હેં જરા ભ્રાન્તિથી તે તાર હાથમાં લીધો ને સીરનામું વાંચી ખાત્રી કરી પહોંચમાં સહી કરી આપી. એકદમ તેને ખોલીને વાંચ્યો તો તેમાં મ્હારા પિતાનું ભવિષ્ય થયાની ખબર અમારા મુનીમે મને આપેલી જણાઇ. અન્તમાં મ્હારા વિના બીજું કોઈ હતું નહિ તેથી મ્હારાં માતાના આશ્વાસનની ખાતરજ મ્હારે હવે મુંબઈ તો જવુંજ જોઇએ એમ મને લાગ્યું અને શેઠને એ વાતની ખબર કરતાં તેઓ પણ મ્હારા મત સાથે સંમત થયા તેથી તાકીદનું કામકાજ આટોપી લઇ, દુકાનનો હિસાબ તથા સિલિક તેમને સોંપીને મ્હેં ઉપડવાની તૈયારી કરવા માંડી ને સારે ભાગ્યે આગબોટ બીજે દિવસેજ મળે એમ જણાયું તેથી તેમાં બેસી હું પાછો મુંબઈ આવવા નીકળ્યો. લાંબો રસ્તો ને દુકાનનું કામકાજ મ્હારા મનને રોકવાને કંઈ મળે નહિ તેથી કેટલાંક પુસ્તકો હું મ્હારી સાથે લાવ્યો હતો તે વાંચવામાં હું મ્હારો કાળ વ્યતીત કરતો. પણ જ્યારે કંટાળતો ત્યારે મ્હારૂં મન સ્વાભાવિક રીતે હું જે દિવસે આવી સ્ટીમરમાં બેસીને મુંબઇથી આફ્રિકા આવ્યો હતો તે દિવસની મુસાફરી તરફ વળતું. કેવા સંજોગોમાં મ્હેં મ્હારૂં મકાન છોડયું હતું, કેવી માનસિક સ્થિતિમાં હું તે વેળા હતો ને આજ પાછો કેવી સ્થિતિમાં જાઉંછું; મુંબઈ પહોચતાં માતાની શી દશા હશે, કામકાજનું શું કરવું—પિતાની પુંજીનો ઉપયોગ કેવી રીતે કરવો, પેલાં મા દીકરીની હજી કંઈ ખબર મળશે કે કેમ એ વિગેરે અનેક તરંગો મ્હારા મનમાં બહારના સમુદ્રના તરંગોની સાથે ઉછાળા મારતા. યોગ્ય સમયે કંઈપણ ખાસ હકીકત—તોફાન વિગેરેની—બન્યા વિના અમે મુંબઈ પહોંચ્યા. મ્હારા આવવાની ખબર

તારથી મ્હેં મ્હારાં માતાજીને મોકલાવી હતી તેથી મુનીમ ગાડી લઇને મને બંદર ઉપર તેડવા આવ્યો હતો ને સગાં સંબંધી તથા મિત્રમંડળમાંથી કેટલાક મને મળવા પણ આવ્યા હતા. ઘણે વર્ષે દેશમાં પાછા આવવાથી મ્હારા ચેહેરામાં ને શરીરમાં તેમને મ્હોટો ફેરફાર લાગ્યો પણ એકંદર મ્હારૂં વાન પુષ્ટ થયું હતું અને હવે હું ઉમરે પણ વધેલો હોવાથી તેમજ કામકાજનો અનુભવ જાતે મેળવેલો હોવાથી વર્ત્તમાન સ્થિતિ વિષે પૂછપરછ કરવા લાગ્યો તેથી સર્વને જણાયું કે આ કંઈ ગાંજ્યો જાય એવો નથી.

જ્મકાને આવી માતાને મળતાં તેમનું દુઃખ જોઈ મ્હારાથી પણ રોયા વિના રહેવાયું નહિ. ગમે તેટલું પણ શિરછત્ર તો શિરછત્રજ. તમને તો મ્હારા પિતાની પૂરી ખોટજ હતી. પ્રારંભમાં ગમે તેમ કરીને એમણે મિલ્કતનો પાયો રચ્યો હતો પણ પાછળથી પોતાના પ્રમાણિક વર્તનથી તેમણે સર્વ કલંક ધોઈ નાંખ્યા જેવું કર્યું હતું, અને મ્હારાં માતાજીને તો કોઈ પ્રકારની ન્યૂનતા હતીજ નહિ. તેઓ હવે નિરાશામાં નિમગ્ન થઇને ભવિષ્યની ચિન્તામાં પડયા હતાં. તેઓ જાણતાં હતાં કે મ્હારા પિતાના પૈસાને હું હાથ લગાડવાનો નથી. તેથી આ બધી ધરિકામતનું શું થશે એ વિષે એમના મનમાં મ્હોટી ગડભાંગ થતી હતી. લોક રીતિ પ્રમાણે મ્હેં આવીને દુકાનનું કામ કાજ તપાસ્યું—મુનીમોને બધી હકીકત પૂછી ઘરમાં જે કંઈ ઘર દાગીનાને રોકડ હતી તે હિસાબ તથા નોંધ સાથે મેળવી લીધી. પણ પ્રત્યેક ચીજ જોતાં મને એમ થતું કે આનો ખરો ભોક્તા હું નથી. જ્યાં સુધી તેનો અર્ધ હિસ્સો પણ તેના યોગ્ય માલિકને ન સંપાદન થાય ત્યાં સુધી મ્હારે એમાંથી કોડીની મતા પણ મ્હારા ઉપયોગમાં

લેવી નથી. મ્હારી સાથે મ્હારી કમાણીમાંથી હું જે કંઇ લાવ્યો હતો તેટલુંજ મ્હારે માટે તો બસ હતું. આ પ્રમાણે ઘરનું સર્વ કામકાજ તપાસ્યા પછી ભાઈ દોસ્તોને તથા સગાં વહાલાંને હું મળી આવ્યો અને બીજે દિવસ ટપાલના કાગળો જોતો હતો તો તેની અંદર સર હરકીસનદાસનાં પુત્રીના લગ્ન પ્રસંગની તે રાતે થવાની મીજલસમાં આમંત્રણનું કાર્ડ આવેલું મને મળ્યું. આવી રીતે હળવા મળવામાં મને બહુ ગંમત પડતી નહતી પણ ઘણે વર્ષે દેશમાં આવેલો અને સર હરકીસનદાસ અમારા સગા હોવાથી તેમને ત્યાં તો જવુંજ જોઈએ એમ મને લાગ્યું. વળી તેમની પુત્રીના લગ્ન પ્રસંગે મ્હારે કંઇ ભેટ પણ મોકલવીજ જોઇએ તેથી મ્હેં તીજોરી ઉઘાડીને દાગીનામાંથી એક હીરા મોતીની વાળી કાઢીને તેની સાથે મ્હારૂં કાર્ડ ટાંકીને તેમને ત્યાં અમારા મુનીમની સાથે મોકલી આપી.

રાત્રે હું વાળુ કરીને ગાડી જોડાવી શેઠને ત્યાં જવા નીકળ્યો તે વેળા મ્હારા મનમાં એમ થતું હતું કે અમારે ત્યાં આટલી બધી મિલકત નકામી પડી રહી છે ને અમે તેનો ઉપયોગ કરતાં નથી પણ આ શહેરના કેટલાક ભાગમાં એવા સેંકડો મનુષ્યો હશે કે જેમને અત્યારે ટુકડો રોટલો પણ મળવાના સાંસા હશે તો પછી રહેવાના ઘરબારની તો વાતજ શી? શા માટે આમાંનો કંઇક ભાગ તેવા દરિદ્રોનું દુઃખ ટાળવામાં ન વાપરવો? ઘણી મહેનત કર્યા છતાં, તજવીજ લગાવ્યા છતાં તેનો ખરો હકદાર તો હજી મળતો નથી ત્યારે [illegible] સખાવતીજ ધીમે ધીમે એનો સદુપયોગ એવી રીતે કરવા માંડું તો શી હરકત? એથીજ મ્હારા મનનું કંઈક સમાધાન થશે અને જે પાપ કરીને એ પૈસો મેળવ્યો હતો તે પ્રાયશ્ચિત્ત કરવાનો કંઈક

ઉપાય પણ લેવાશે. આવી રીતે મ્હારૂં મન વિચારમાં ગુંથાયલું હતું તેથી ગાડી ક્યાં ચાલે છે તે ઉપર મ્હારૂં ધ્યાન બિલકુલ હતુંજ નહિ ને હું જાણે બીજી દુનિયામાંજ હોઉં એમ કેવળ વિચારમાંજ લીન થઇ ગયો હતો. તેવામાં એકદમ કંઇક અથડા અથડીનો અવાજ થયો ને મ્હારા વિચારોમાંથી જાગૃત થતાંજ મ્હેં ગાડીની બારીમાંથી ડોકીયું કાઢીને જોયું તો અમારી ગાડીની સામેજ એક વિકટોરીઆ અફળાયેલી ને તેનો ઘોડો ભોંય ઉપર તરફડીયાં મારતો મ્હારા જોવામાં આવ્યો. મ્હારો કોચમેન પણ ઉતરી ગયો હતો ને અમારી ગાડીને કે અમારા ઘોડાને કંઇ નુકશાન થયું છે કે નહિ તે ઝટપટ જોતો કે સામેની ગાડીના ઘોડાને છોડવવા માટે ચાકુ કાઢી તેના પાટા તોડી નાંખવામાં મદદ કરતો હતો. તેવામાં મ્હારી દૃષ્ટિ ગાડીમાં બેઠેલી એક સ્ત્રી તરફ ગઇ. તેના મ્હોં ઉપર સ્વાભાવિક રીતે ચિન્તા પ્રસરી રહી હતી. વિકટોરીઆમાંની તેની બેઠકના ભાગને આંચકો લાગતાં તે તૂટી ગઇ હતી ને તેનાં પાટિયાં ઉડીને તેને વાગ્યાં પણ હતાં. તેથી તેના હાથ ઉપર લોહીની તસર ફૂટી આવી હતી. મ્હેં એકદમ તેની પાસે જઇને તેને ઉતરવા માટે વિનંતિ કરી, મ્હારો હાથ આપી ધીમેથી નીચે ઉતારીને તેને કંઇ બીજી ઇજા થઇ છે કે કેમ તે પૂછ્યું. તેણે સ્વાભાવિક રીતે મ્હારો ઉપકાર માન્યો ને હાથે છોલાયા ઉપરાંત બીજી કંઇ હરકત પોતાને થઇ નથી એમ જણાવ્યું. તેનો ચેહેરો ઉદાસ છતાં ચંદ્રમાના પ્રકાશમાં ઘણો મનોહર લાગતો હતો. તેનું શરીર દુર્બળ નહિ તેમ પુષ્ટ નહિ, અને અવયવો પ્રફુલ્લ હતાં. તેનાં વસ્ત્રો બહુ કિમતી નહિ છતાં તેના રૂપરંગને વધારે દીપાવે તેવાં હતાં. વય જોતાં વર્ષ વીશેકનું જણાતું હતું. તેને ક્યાં જવાનું હતું તે મ્હેં પૂછ્યું તો તેણે સર હરકીસનદાસને ત્યાંની મીજલસમાં જવાનું

કહ્યું તેથી મ્હેં તેને વિનતિ કરી કે જો હરકત ન હોય તો મ્હારી ગાડીમાંજ બેસી જાઓ. મ્હારે પણ તે શેઠને ત્યાંજ જવાનું છે ને બીજી ભાડુતી ગાડી મંગાવતાં વાર થઈ જશે માટે મ્હારી સાથે આવશો તો હું ઉપકાર થયો માનીશ. તેણે લજ્જાથી આનાકાની કરી પણ આખરે મ્હારી વિનતિ સ્વીકારીને મ્હારી ગાડીમાં પ્રવેશ કર્યો. તેની પાછળ હું જઈને સામી બાજુએ બેઠો ને ગાડીવાળાને ચલાવવાનો હુકમ કર્યો ત્યાં તો વિકટોરીઆવાળો જરા ઘોડાની ચિન્તામાંથી મુક્ત થએલો તે દોડતો આવીને કહેવા લાગ્યો કેઃ—"વાહ બાઈ! તમે ઠીક જણાઓ છો—આટલું નુકશાન મ્હારી ગાડીને થયું ને ભાડું પણ આપ્યા વિના ચાલી જાઓ છો?" આ સાંભળી તે બાઈએ કહ્યું,—"અરે હા ભાઈ! ત્હારૂં ભાડું ચૂકવવું તો હું ભૂલીજ ગઈ છું, માફ કરજે મને"—એમ કહી પોતાના ખીસ્સામાં હાથ ઘાલી પૈસા આપવાના કાઢ્યા, પણ તે આપે તે પહેલાં તો મ્હેં મ્હારી પાસેથી રૂપૈયો કાઢીને તેના હાથમાં મૂકી દીધો. તે બડબડવા લાગ્યો પણ મ્હેં તેને ડરાવ્યો કે મ્હારા ગાડીઘોડાને તેની બેદરકારીથી નુકશાન થતું પરમેશ્વરેજ બચાવ્યું છે ને હું તેને પોલીસમાં પકડાવું તો તે ગુન્હેગાર ઠરીને શિક્ષાને પાત્ર થાય, માટે હવે તેણે વગર બોલે ચાલી જવું જોઈએ.

અમારી ગાડી ચાલ્યા પછી થોડીવાર તો અમે બંને જણ વગર બોલે બેસી રહ્યાં પણ મને એકદમ તેના હાથ પર લાગેલું હતું તે સાંભરી આવવાથી મ્હેં મ્હારી પાસેની દવાની પેટીમાંથી તેના ઉપર લોહી બંધ થવાની દવા ચોપડવા આપી તે તેણે ચોપડી, પોતાનો રૂમાલ તેના ઉપર વીંટી લીધો, અને દવાની શીશી પાછી આપતાં હળવે રહીને તેની સાથે મ્હારા હાથમાં બીજું પણ કાંઈક સેરવી

દીધું. મ્હારા હાથને તે ચીજનો સ્પર્શ થતાં હું સમજ્યો કે તે રૂપૈયો હતો તેથી મ્હેં તે તેને પાછો આપવા માટે હાથ લંબાવ્યો અને કહ્યું કે "એમાં શું! એટલામાં આપવાનું હોય નહિ."

આ સાંભળી તેણે મ્હારી સામું જોઈ દીનતાથી યાચના કરતી હોય તેમ મને તે સ્વીકારવા કહ્યું. "ધારો કે હું કોઈ મરદ હોત તો તમે લેત કે નહિ! વ્યાજબી રીતે એ મ્હારેજ આપવું જોઈએ."

મ્હારાથી તેનું આ વચન પાછું ઠેલાયું નહિ તેથી આખરે મ્હેં તે રૂપૈયો લીધો ને મ્હારા ગજવામાં મૂકી દીધો.

થોડી વારમાં તો અમે સર હુરકીસનદાસના બંગલા પાસે આવી પહોંચ્યાં અને ગાડી ઉભી રહેતાંજ તે અંદરથી સડાક લઈને ઉતરી પડી ને પાછળથી હું પણ ઉતર્યો. બહાર આવીને પોતાનાં વસ્ત્રો ઠાક ઠાક કરી મ્હારો આભાર માનીને એ તો પગથીયાં પર ચઢી ગઈ અને ત્યાં સર હુરકીસનદાસનાં પત્ની આવકાર દેવા ઉભાં હતાં તેમને મળીને અંદર ચાલી ગઈ. કોઈ મ્હોટા ઘરની બૈરી હોય ને તેને મળતાં જેવું માન આપે તેવું આને અપાતું મ્હારા જોવામાં આવ્યું નહિ તેથી મ્હારા મનમાં જરા અંદેશો પડયો કે આ કોઈ નજીકના તેમના સગામાંની તો નહિજ હોય. પુરૂષ વર્ગને માટે જુદા રાખેલા ભાગમાં હું દાખલ થયો અને ઘણે વર્ષે પાછો આવેલો હોવાથી ઘણાં સગાં સંબંધીઓ તથા મિત્રોને અહીં મળી શકયો. હું આમ તેમ ફરતો હતો ખરો પણ મ્હારૂં મન પેલી સ્ત્રી ફરી ક્યારે મળે તથા તે કોણ હતી તેની બાતમી શી રીતે મેળવવી તેના ઉપાયો શોધવામાં રોકાયલું હતું. મ્હારી ગાડીમાં અમે પાસે પાસે બેઠાં હતાં તે વેળા સહજ પણ સ્પર્શાસ્પર્શ થયેલો અને વિશેષ તો તેણે મને દયાની શાખા

પાછી આપતાં ધીમે રહીને જે કાંઈ સેરવી દીધેલું તે શું હશે તેના વિચારમાં મને જે અવર્ણ્ય આનંદ જનક ઝણઝણાટ તેના કોમળ હસ્તસ્પર્શને લીધે આખા દિલમાં થઈ ગયો હતો તેની લાગણી હજી મ્હારા દિલમાં તથા તે હાથની ચામડી ઉપર તાજીજ હતી. કંઈક મ્હાનું મળતાં હું સ્ત્રી મંડળની બેઠક માટેના ઓરડા ભણી જતો અને તે કહીંક પણ દેખાય તો તેને શોધી કાઢવા મ્હારી દૃષ્ટિ ચો તરફ ફરતી. એકવાર મ્હેં તેને કોઈ જોડે વાતે વળગેલી જોઈ અને કોણ જાણે શા કારણથી અમારી આંખ મળી, તે વેળા એના ચ્હેરા ઉપર કંઈક નવીન ભાવ પ્રકાશ થતો જોઈને મને તો આપણા મહાન્ નાયક દુષ્યન્તની પેઠે (**सर्वं तत् खलु मत् परायणमहो कामी स्वतां पश्यति**) એમ થયું કે તેને મ્હારે માટે કંઈક કોમળ લાગણી થતી હશે પણ બીજીજ ક્ષણે મ્હેં મ્હારી ભૂલ જોઈ. હું કોણ છું તે તે જાણતી નથી તેમ તે કોણ છે તે હું જાણતો નથી. મળ્યાં છીએ પણ આજજ ને તે વળી રાતની વેળા અર્ધો કલાકજ તેટલામાં કોઈના મનમાં એવી લાગણી ઉત્પન્ન થાય એ કેવું અસંભવિત હતું તે હું સમજતો હતો.

થોડી વાર પછી કન્યાને માટે આવેલી ભેટો જે ભાગમાં સંગ્રહ કરીને રાખવામાં આવી હતી તે તરફ તેને જતી જોઈને હું પણ તે ભણી વળ્યો અને અમે બંને સાથેજ જુદે જુદે બારણે થઈને અંદર પેઠાં—તે વેળા અમારા બે સિવાય માત્ર એક ત્રીજો માણસ ત્યાં ખુણામાં દૂર એક નવા આકારની બેરોમીટીર મૂકેલી હતી તે જોતો જોતો અમારા તરફ પીઠ ફેરવીને બેઠેલો હતો એટલે અમારે વાત કરવામાં કંઈ અડચણ આવે તેમ ન હતું. મને જોઈને તેણે લગાર

મ્હોં મલકાવ્યું એટલે હું તો જાણે સ્વર્ગનું સુખ અનુભવતો હોઉં એમ મને લાગ્યું. ટેબલો ઉપર કાચના ઢાંકણાવાળી, ચકચકિત પેટીઓમાં, ચારે પાસથી તથા ઉપરથી પ્રકાશતા વજળીના દીવાના તેજમાં ઝગઝગતી સેંકડો ભાતભાતની ચીજો ગોઠવેલી હતી. તેમાંની એક જોઇને તેના મ્હોંમાંથી "અહા ! કેવી સુંદર છે ?" એવો ઉદ્‌ગાર નીકળી ગયો.

મને તો વાત કરવાનું બ્હાનુંજ જોયતું હતું ને મ્હેં ધાર્યું કે તેણે મને આ પ્રસંગ જાણી જોઇને વાત છેડવા માટેજ આપ્યો છે તેથી હું તેની નજીક ગયો ને તેણે જે ચીજના સંબંધમાં પોતાની પસંદગી બતાવી હતી તે મ્હારી દૃષ્ટિયે પડતાં મ્હેં તેને પૂછ્યું કે "શું તમને આ બહુ ગમે છે ?" તેણે કહ્યું–"જુઓ તો ખરા શું આ હીરાનું તેજ છે ! મોતી પણ કેવાં પાણીદાર છે !–મને તો લાગે છે કે એ ઘણીજ કિમતી હોવી જોઇએ."

"ખરૂં કહો છો" મ્હેં કહ્યું "વાળીની બાંધણી પણ નમુનેદાર છે."

મ્હારો આ ઉત્તર સાંભળી વિશેષ બોલવાને બદલે જરાક ભ્રમર ચઢાવી તે બીજા અલંકાર જેવાને ચાલી. મ્હારૂં ધ્યાન આ વખતે પેલા દૂર બેઠેલા શખ્સ તરફ ગયું. તે ક્યારનોએ ત્યાં એકજ ચીજ જોયાં કરતો હતો તેથી મને લાગ્યું કે નક્કી શેઠ સાહેબે કોઇ છૂપી પોલીસના માણસને અહીં ચોકી માટે રાખેલો હશે. અમારી વાત એણે સાંભળી હશેજ એમ પણ મને થયું તેથી હવે પ્રસંગ મળે તો ધીમેથી બોલવાનો મ્હેં ઠરાવ કર્યો. બધી ચીજો જોઇ રહીને પાછી એ પૂર્વ સ્થળે આવી મ્હારી પાસે ઉભી રહી અને મને પૂછવા લાગી કેઃ–"શું આ બધા કિમતી દાગીના અને તે ઉપરાંત "ફેશનેબલ"

ગણાતી—માત્ર શોભા ખાતરજ મૂકી રાખવાની—નાની નાની આટલી બધી કિમતી ચીજોનો આ પરણનાર જોડું આખી જીંદગીમાં પણ ઉપયોગ કરી શકશે ? હાલની જનસમાજનું બંધારણજ કોણ જાણે કેવું છે કે એક સ્થળે અઢળક દોલત—કોઈ ખાઓ—કોઇ ખાઓ—કરતી પડી હોય છે, તો બીજી પાસ—શું ખાઉં—શું ખાઉં—એમ ભૂખે મરતાં હજારો ગરીબ રાંક—કંગાલ—માણસોના પોકાર સંભળાય છે. આમાંથી એક સોમો હિસ્સો પણ એવા લોકોમાં વ્હેંચવામાં આવે તો કેટલા દરિદ્રીનું કલ્યાણ થાય ? કેટલાં ભૂખથી પીડાતાં માણસની આંતરડી ઠરે ? કેટલાં અનાથની આશિષ મળે ?"

આ તેના વિચારો જોતાં મને જણાયું કે તે કંઈ સાધારણ પંક્તિની સ્ત્રી હોવી ન જોઇએ. તેનો અભ્યાસ પણ ઉંચા પ્રકારનો ને તેની સોબત પણ ભણેલાઓની સાથે હોવી જોઇએ. હાલના સંજોગે મ્હારો પોતાનો વિચાર પણ મ્હારા પિતાના અવળે માર્ગે સંપાદન કરેલા દ્રવ્યનો વ્યય કંઇક આવીજ રીતે કરવાનો હતો તેથી અંદર ખાનેથી હું તેના મનને મળતો હતો પણ તકરાર લંબાવવા ખાતર—તેની સાથે વાત કરવાનો વખત વધારે મળવાની લાલસાથી મ્હેં તેનો વિરૂધ્ધ પક્ષ સ્વીકારતો હોઉં એમ કહ્યું કે—"તમારૂં કહેવું યથાર્થ છે—પણ શું તમે એમ સમજોછો કે આપણે એમ કરવાથી દેશની સ્થિતિ સુધરશે ? પોતાની મેળે તો કોઈ પોતાનું કમાયલું ધન બધું પારકાને આપી દે એ બનવું અસંભવિતજ છે. દાન કરતા હશે તે પણ છોકરાં છૈયાંને માટે રાખીને કરતા હશે. પણ ધારો કે તમારા મત પ્રમાણે સરકાર એક કાયદો કરીને પરાણે બધાંની મિલ્કત ભેગી કરીને તમામ પ્રજા વર્ગને સરખે હિસ્સે વ્હેંચી આપે તો તેથી શું

તેજ વિભાગ કાયમ રહેશે ? સર્વનાં દુઃખ હંમેશને માટે નાશ પામશે ? પછી કોઈ દરિદ્રીજ નહિ થાય ? તમે જુઓછો કે આપણા શેઠીઆઓમાં પણ ઘણાકને મ્હોટા વારસા મળ્યા હોય છે. પણ તેમના વારસા સ્વચ્છંદ વર્તનથી તે સર્વ ગુમાવી દઇને ભીખારી થઈ જાય છે ને જેમના બાપ કંઈ મુકી ગયા હોતા નથી તેઓ જાત મહેનતથી–આત્મબળથી–લાખો રૂપૈયા કમાઇને નામ મેળવી જાય છે. જે દરિદ્રોની સ્થિતિ તમે સુધારવા માગોછો તેઓ ઘણે ભાગે અવિચારી અને વ્યસની હોવાથી દ્રવ્ય મળતાંજ તેનો દુરૂપયોગ કરવાના ને પાછા હતા તેવાજ થવાના તો પછી તેમને આમ મફતનું આપી દેવામાં શો લાભ ?”

મ્હારા સામું તે ટગર ટગર જોયાં કરતી હતી અને મ્હારો જવાબ સાંભળી તેના મનમાં જે ઉભરો આવ્યો તે શમાવવા માટે તે જરા જુસ્સાથી બોલી કે–“ બધી વાત ખરી પણ શું ધનાઢ્યોનો ધર્મ નથી કે એવા અધમનો ઉધ્ધાર કરવો–તેમને માટે કેળવણીનાં સાધનો પૂરાં પાડવાં, નીતિનું શિક્ષણ આપવું, સારી હવા અને પ્રકાશવાળાં મકાનોમાં રહેવાની સગવડ કરી આપવી, કરકસર કરવાની ટેવ પાડવી, આરોગ્યસંરક્ષણના નિયમો શીખવવા ? સરકાર તે કેટલુંક કરશે ? જ્યાં સુધી આપણામાંના લક્ષ્મીના માનીતા પોતાની સમૃદ્ધિના કાંઇક અંશનો પણ આવા પરોપકારી કામમાં ઉપયોગ નહિ કરે, ગરીબોનાં સંકટો નહિ નીવારે, ખેડુતોને ભણાવીને પૃથ્વીમાંથી વધારે પાક કેમ મેળવી શકાય તે નહિ સમજાવે, ધર્માદા સંસ્થાઓ નહિ સ્થાપે, સ્ત્રીઓને સંસાર વ્યવહારનું ઉપયોગી જ્ઞાન મળે એવી શાળાઓ નહિ કાઢે, અંગબળ વધારનાર રમતો રમાડીને

યા ગૃહકાર્યમાં જોડીને અગાઉના જેવી તેમને સબળ નહિ કરે, ત્યાં સુધી દેશના અભ્યુદયની આશા રાખવી વ્યર્થ છે. વળી ગરીબોને કેળવવામાં શ્રીમંતોને પોતાને પણ મ્હોટો લાભ છે. આજ તેઓ ચોરોથી ડરે છે, પોતાની મિલ્કતનું કેવી રીતે સંરક્ષણ કરવું તેના હજારો નવા નવા ઉપાયો શોધે છે, છતાં કેટલીકવાર પોતાની આખી જીંદગીની કમાણી એક સપાટે કોઈ ઉઠાઉગીરને હાથે ખોઈ બેસે છે. તેને બદલે જો આ દરિદ્રવર્ગને કેળવણી આપી તેમના મનમાં સદ્-વિચારો ઠસાવવામાં આવ્યા હોય તથા તેમને પેટ પૂરતો ખોરાક ને ધંધો રોજગાર મળે તે પ્રમાણે કર્યું હોય તો તેઓ ચોરી કરવાનો વિચાર પણ ન કરે અને આપણા શેઠીઆઓ સુખેથી સુઈ રહી પોતાની લક્ષ્મીનો ઉપભોગ વગર બ્હીક કરી શકે. માટે તે દરિદ્રોના સુખને સારૂ સાધનો પૂરાં પાડવાની **આ રીતે પણ** ખરી જરૂર છે.”

તેનું આ કહેવું અક્ષરે અક્ષર સત્ય છે એમ હું મનમાં સમજતો હતો અને હવે તેના મતનું દલીલથી ખંડન કરવા કરતાં તેની સાથે મળી જઇને તેને આવા વિચારો ધરાવવા માટે સાબાશી આપવાના શબ્દો મ્હારા મ્હોંમાંથી કાઢવા જતો હતો એટલામાં બીજા પણ ગૃહસ્થો ને સ્ત્રીઓ તેજ સ્થળે સર્વ અલંકાર જોવા આવવા લાગ્યાં તેથી અમારૂં બોલવું બંધ થયું. એ બીજા કબાટો જોવામાં ગુંથાઈ અને હું કેટલાંક પુસ્તકો ભેટ દાખલ ખાસ બંધાવીને કેટલાક મિત્રોએ મોકલેલાં હતાં તે ઉથ-લાવવા લાગ્યો તેમાંના એકમાં અચાનક નીચેના વાક્ય ઉપર મ્હારૂં ધ્યાન ગયું:—

“ન્યાયાધીશોનો અને ધર્મગુરૂઓનો તો ધર્મજ છે કે તેમણે દરિદ્ર લોકોને બનતા પ્રયાસે સુખી રાખવાની સાથે સદ્‌ગુણસંપન્ન

બનાવવા જોઈએ, અને દરિદ્રાવસ્થામાં આવી પડેલાં મનુષ્યોએ પોતે સદ્‌ગુણી થવાનું લક્ષ્ય રાખવું જોઈએ."

આ પ્રમાણે હું વાંચતો હતો તેવામાંજ એ મ્હારી પાસે આવી પહોંચવાથી મ્હેં એને પૂછ્યું કે "જોયું આ ગ્રંથકાર શું કહે છે તે?"

તેણે તરતજ તે ભાગ વાંચી જોયો ને પછી ઉપહાસાત્મક ઉક્તિમાં મને જણાવ્યું કે–"ઠંડે પેટે ગ્રંથો લખવા ને ક્ષુધાથી પીડાતાનાં દુઃખ જોઈને ટીકા કરવી એમાં આસ્માન જમીનનો ફેર છે. મને તો લાગે છે કે એ લખનારને બિચારાને કોઈ દહાડો ખોરાકના સાંસા પડ્યા નહિ હોય; નહિ તો એવી અવસ્થામાં સદ્‌ગુણી રહેવાનું કેટલું મુશ્કેલ છે તેનો ખ્યાલ એને આવ્યા વિના રહેત નહિ. આપણેજ વિચારી જુઓને—

बुभुक्षितः किं न करोति पापम्

અન્ન વિના જેના પ્રાણ તરફડતા હોય તે સારા ખોટાનો વિચાર કરવા રહે ખરો ? એ તો પોથીમાંનાં રીંગણાં."

મ્હારી ખાત્રી થઈ કે આણે આ વિષય ઉપર ઘણો વિચાર કરેલો હોવો જોઈએ. હું તો આજ સુધી જુદાજ માર્ગમાં જીવન ગાળતો હતો તેથી મ્હેં કંઈ એ વિષયનો અભ્યાસ કર્યો ન હતો એટલે હું તો મુગો થઈ ગયો ને ચાલતાં ચાલતાં અમે પાછાં તે કાચના કબાટ પાસે આવ્યાં. પેલા દૂર બેઠેલા માણસને કંઈ વહેમ પડે નહિ એટલા માટે હું કેટલીક રમત ગમતની ચીજોવાળા કબાટ ભણી જોવા લાગ્યો. આ વેળા તે સ્ત્રીની તરફ મ્હારી પીઠ હતી તેથી એ શું કરે છે તે મ્હારાથી જોવાય એમ ન હતું પણ જે માણસ

દૂર ખૂણામાં બેઠો હતો તેની તરફ કંઈક ખડખડાટ થયો તેથી હું ચમક્યો ને જોવા લાગ્યો તો બે વાન ઉપર મ્હારી દૃષ્ટિ પડી. જાણે કે અજાણે તે માણસ હાથ ઉંચો કરવા ગયો તેથી પાસેના ટેબલપર મૂકેલી પાંચ સાત છબીઓ ઉથલી પડી તે પાછી ઠેકાણે મૂકવામાં તે રોકાયો એટલામાં પેલી સ્ત્રીએ તે કબાટનું કાચનું ઢાંકણું હળવે રહીને ઉંચું કરી તેની અંદરની એક ચીજ, તલપ મારી, હાથમાં પકડી લઈને ત્યાંથી ચાલવા માંડયું. મ્હેં જોયું કે જે ડાબલીમાંથી તે ચીજ ઉપાડી લેવામાં આવી હતી તે ખાલી પડી હતી. આવો અણધારેલો બનાવ બનેલો જોતાંજ હું તેની પાછળ જરા જોસથી ચાલ્યો. મ્હારૂં હૃદય તે વેળા ધબક ધબક થતું હતું. આવી કોળવાયલી આવા ઉંચા વર્ગના ગૃહસ્થો સાથે સંબંધ ધરાવતી યુવતી આવું કામ કરે, એ કોઈ દહાડો મ્હારા તો સ્વપ્નામાં પણ ન હતું તેથી મ્હારૂં ચાલે તો તેને આ ગુન્હાના અનિષ્ટ પરિણામનું ફળ ભોગવવું ન પડે એવો ઉપાય લેવા મ્હેં ધાર્યું. મને આવતો જોઇને તે ગભરાઈ. તેની પાસે હું પહોંચ્યો તો મને તેનો ચહેરો ફીકકો પડી ગયેલો જણાયો. તેની આંખમાં આંસુ પણ ભરાઈ આવતાં હોય એમ મને લાગ્યું. તરતજ તેણે પોતાનો રૂમાલ મ્હોં ઉપર રાખી દઇને પોતાની લાગણી છુપાવવા પ્રયત્ન કર્યો. પોતે પકડાઇ ગઈ છે એમ જાણવાથી તેને ભય પણ થયો એ હું સમજી શકતો હતો. જમણે હાથે પોતાની સાડી સજ્જડ પકડીને તે ઉભી હતી. અમે આ વેળા બારણા પાસે પહોંચ્યાં હતાં ને મ્હેં પાછળ નજર કરી તો પેલો માણસ પોતાની જગાએથી ઉઠીને અમારા તરફ આવતો હોય એમ મને લાગ્યું તેથી મ્હેં તેના કાનમાં કહ્યું કે–"ઝટ કરો–મને એ ચીજ પાછી આપી દ્યો–હું તેને ઠેકાણે મૂકી દઇશ તેથી વધારે હો હો થશે નહિ."

એને પણ જણાયું કે મ્હારી શીખામણ માન્યા સિવાય છૂટકો નથી. તેને લીધે એણે પોતાની મૂઠી ઉઘાડી. એકજ રાતે બીજીવાર પાછો અમારા હાથનો સ્પર્શ થયો. "અરે! આ વખત પણ બીજો રૂપૈયોજ એના હાથમાં હોત તો કેવું સારૂં?" એમ મને થઈ ગયું. પણ મને જણાયું કે તે કંઇ બીજીજ ચીજ હતી. મ્હારા હાથમાં તે આવતાંજ મ્હેં તેને કહ્યું કે "હવે તમે અહીંથી ધીમે ધીમે બંગલા બહાર કંઇપણ ગભરાટ વિના ચાલ્યાં જાઓ ને પેલી કમાન પાસે ઉભાં રહેજો—હું ત્યાં હમણાંજ આવું છું. પેલો માણસ આપણી તરફ તાકીને જોયાં કરે છે."

મ્હારી ખાત્રી હતી કે આ પ્રમાણે તે મ્હારી વાટ જોતી ઉભી રહેશેજ. તે અત્યારે નિરાધાર હતી. મ્હેં જોયું કે તે ગંભીર ચહેરે, સ્વાભાવિક ગતિથી, ચાલતી ચાલતી આગળ ગઇ એટલે મ્હેં તરતજ પાછા ફરીને પેલા માણસની તરફ પીઠ ફેરવીને ધીમેથી કબાટનું ઢાંકણું અધખોલું કરીને તે ચીજ તેની ડાબલીમાં પાછી મૂકી દીધી. આમ કરતાં મને જણાયું કે તે મ્હારી મોકલેલી હીરા મોતીની વાળીજ હતી!! મ્હારા કપાળ ઉપર પરસેવો છૂટતો હતો. મ્હારૂં કામ કરીને આમ તેમ જોયા વિના હું પણ ત્યાંથી નીકળી ગયો અને મ્હેં બતાવેલી કમાન પાસે પહોંચ્યો તો ત્યાં મ્હેં તેને મ્હારી વાટ જોઇને ઉભેલી દીઠી. મ્હેં જલદી એક નોકરને વિકટોરીઆ લેવા દોડાવ્યો અને એને આંખનો ઇસારો કર્યો તેથી ઝટ એ મ્હારી સાથે ચાલવા લાગી.

"તમારી ગાડીને શોધી લાવતાં તો વાર બહુ થશે. આપણે ત્યાં સુધી ચાલીએ તો કેમ!"—એ બોલી.

" મ્હારી ગાડી માટે માણસ મોકલું તો કોણ જાણે ક્યારે એ આવે. આપણે વધારે વાર અહીં રોકાવું ઉચિત નથી. મ્હેં તો વિક્ટોરીઆ મંગાવી છે તેમાં હું તમને તમારે મકાને મૂકી જઈશ."

ગાડી આવતાંજ અમે બેસી ગયાં. થોડી વાર તો અમારા બેમાંથી કોઈ કાંઈ બોલ્યું નહિ, પણ મ્હારાથી રહેવાયું નહિ તેથી પહેલાં હુંજ બોલી ઉઠયો કે:—

" તમે આવું શું કામ કર્યું ? "

" મને લાગે છે કે હું તે વેળા ભાન ભૂલી ગઈ હતી—મ્હારૂં મગજ ચગડોળે ચઢયું હતું—મ્હેં આજ સવારનું હજી ખાધું પીધું નથી."

" શું કહો છો ? એમ તે હોય ? "

જવાબમાં તેણે ફીકકે ચહેરે કાંઈક હાસ્યનો દેખાવ આણ્યો, પણ તુરતજ તેનાથી રોઈ જવાયું. તેને આમ પુષ્કળ આંસુ પાડતી જોઈને મને તેની ઘણીજ દયા આવી. મ્હેં તેનો હાથ પકડીને નરમાશથી કહ્યું:—

" સાંભળો—તમારી હકીકત હું વધારે જાણવા ચાહું છું. તમને હું મદદ કરવા ઈચ્છું છું. માટે જરા દીલ ખોલીને મ્હારી સાથે વાત કરશો ? આટલી રાતે તમારે ત્યાં હું તમને મૂકવા આવવાનું પસંદ કરતો નથી; પણ તમને ભૂખ્યાં ઘેર જવા દેવાં એ પણ મારા મનને ગોઠતું નથી."

" મ્હારે ઘરે ક્યાં છે ? મ્હારી મા બિચારી માંદી છે. હવે તે ઝાઝા દિવસ કાઢે એમ મને લાગતું નથી. તેની ચિન્તામાં હું બળી રહી છું. તમને અમારી ઓરડીમાં હું લઇ જઈ શકું તેમ પણ નથી."

"ત્યારે હવે ચાલો આપણે આ પાસેના વિશ્રાન્તિ–ગૃહમાં જઈએ. ત્યાં તમે જરા નાસ્તો કરી લેજો ને ક્ષુધા શાન્ત થયા પછી ઘેર જજો."

"ના–મને અહીંથી ઉતારી મૂકો–હું મ્હારી મેળે મ્હારે ઘેર જઈશ. મ્હારે તમારી જોડે ફરી મળવું એ નથી. ને તમને મ્હારી વાત કહેવીએ નથી. શું કામ તમે મને અટકાવી? મ્હારૂં ગમે તે થાત તેમાં તમારે શું?"

"પણ પેલો છૂપી પોલીસનો માણુસ હતો તે તમે જોયો નહિ? તમને પકડયાં હત તો તમારી શી વલે થાત? હજીએ કોણ જાણે એ શું કરશે? આપણે એ ચોરીમાં સામેલ હતાં એમ ગણીને હો હો કરી મૂકશે તો?"

"ત્યારે તમે શું કામ એવી રીતે કોઇને તમારા ઉપર વહેમ આવે એવું કર્યું? હું તો મ્હારૂં ભાગવી લેત– અને કેદમાં લઇ જાત તો ત્યાંએ જાત. હવે મ્હારે ઘરમાં ને કેદખાનામાં ફેર શો રહ્યો છે? ત્યાં તો ખાવાનું પણ મફત મળત. જગતની આંખે હું છતી થાત તો જગતને જણાત તો ખરૂં કે બહારથી મ્હોટો શ્રીમંતાઇનો ડોળ ઘાલનારા–પ્રમાણિકમાં ખપનારા– કેવાં ઘોર કર્મ કરે છે ને જે પૈસા પોતે પચાવી પડયા છે તેના હકદારને કેવાં રીબાવી રીબાવીને મારે છે!"

આમ તેનો પ્રલાપ ચાલી રહ્યો હતો પણ તે તરફ મ્હારૂં ઝાઝું લક્ષ આ વેળા ન હતું તેથી તેનો આશય હું તરત સમજી શકયો નહિ. તેવામાં મ્હેં ધારેલું સ્થળ આવતાં ગાડી ત્યાં ઉભી રખાવીને મ્હેં તેને હળવેથી આશ્વાસન આપી મ્હારૂં કહ્યું માનવા મહા મુશ્કેલીથી સમજાવી.

મ્હારો આટલો બધો આગ્રહ જોઇને તેણે મને પૂછ્યું કે "આટલી બધી મ્હારે માટે કાળજી તમો શા માટે રાખો છો?"

"મ્હારે તમને મદદ કરવી છે તે માટે તમારૂં આવું દુઃખ મ્હારાથી જોઈ શકાતું નથી. વળી હું પણ એક ચિન્તામાંજ છું. તમારા જેવી દુઃખી હાલતમાં પડેલાં અમુક માણસોની શોધમાં હું ફરૂં છું પણ હજી મને તેમનો પત્તો મળતો નથી."

ગાડી ઉભી રખાવી અમે ભોજન લેવાને માટે પાસેના વિશ્રાન્તિ ગૃહમાં ગયાં. ત્યાં દૂધ, પુરી, શાક, ભજીઆં વિગેરે મંગાવી મ્હેં તેમની પાસે મુકાવ્યું અને મહા મહેનતે તેની પાસે તેનો ઉપયોગ કરવાનું કબૂલાવ્યું. જમતે જમતે મ્હેં તેને ગમતી રીતે–જેટલી તેને કહેવી હોય તેટલી–તેની પોતાની કથા કહેવાનો આગ્રહ કર્યો. તે જે કંઈ કહેતી ગઇ તે હું સાંભળતો ગયો. તેણે એટલી શરત કરી કે "જે કંઇ હું કહું તેમાં જો તમને શ્રધ્ધા નથી એમ હું જોઈશ તો પછી વધારે નહિ કહું, ને તમે પુછશો તેના જવાબ નહિ દઉં."

મ્હેં તેનો વિશ્વાસ પૂર્ણ રીતે મેળવવા હસીને તેને જણાવ્યું કે "તમારો બોલેબોલ હું સાચોજ માનીશ માટે બેધડક જે કહેવાનું હોય તે કહો."

"પ્રથમ તો એક વાત મ્હારે એ પૂછવાની છે કે તમે મને આજ જે કામ કરતી પકડી તે ઉપરથી તમે મ્હારે માટે શું અનુમાન કરો છો?"

હું જરા ગભરાયો તો ખરો પણ મને ખાત્રી હતી કે તેનું સ્વરૂપ અને તેની બીજી રીતભાત તથા બોલી ચાલી જોતાં તે કોઈ

ઉદાસવગીર તો ન હતી તેથી મ્હેં તેજ વિચાર તેને જણાવતાં કહ્યું કે–"કંઇક પણ ભારે–અનિવાર્ય–સંકટમય–દુર્દશામાં આવ્યા વિના તમારા જેવી સુશિક્ષિત સ્ત્રી આવું સાહસ કરે નહિ. **आकृतिरेव गुणान् कथयति.** ચોરીનો ધંધો કરનારની છાપ તમારા ઉપર હું જોતો નથી."

તેને મ્હારો ઉત્તર કંઇક શાન્તિકારક લાગ્યો. તેણે વિવેકથી મ્હારો ઉપકાર માન્યો અને પૂરીના કડકાને હાથમાં લઇને રમત કરતે કરતે તે બોલી કે–"તમે પેલું પુસ્તક વાંચતા હતા તેમાંના વિચારો સાંભળતાં મને તો એમજ થઇ ગયું હતું કે એને પકડીને એના ચુરેચુરા કરી નાંખું, ગરીબોની દુઃખમય સ્થિતિ જેણે અનુભવી નથી તેને તેમના સંબંધી લખવાનો શો હક છે? એક પાસથી મને આ વિચાર આવ્યો તેનીજ સાથે બીજી પાસથી મ્હારા મગજમાં કંઇ એવીજ ઉશ્કેરણી થઇ આવી કે તેથી હીરા મોતીના દાગીનાવાળા પેલા કબાટ તરફ મ્હારા પગ અનિચ્છાએ પળ્યા ને મ્હેં જે ચીજ તમને બતાવી હતી તેના પ્રકાશથી મ્હારી આંખ્યો એટલી તો અંજાઇ ગઇ હતી કે તેને ને તેનેજ દેખ્યા કરતી હતી. પરંતુ અંદરખાનેથી મને કોણ જાણે સાથીએ તેના ઉપર એટલો તિરસ્કાર છુટતો હતો કે તેને હું ત્યાંથી ઉપાડીને તોડી ફાડીને ફેંકી દેવા તલપાપડ થઇ રહી હતી. એટલામાં તેની સાથે બાંધેલા કાર્ડ ઉપર મ્હારી દૃષ્ટિ પડી અને તેમાંનું નામ વાંચતાંજ મને રોમે રોમ ક્રોધની જ્વાલા પ્રકટી ગઇ."

"એમ?"–મ્હારાથી રહેવાયું નહિ તેથી મ્હેં પ્રશ્ન કર્યો કેમકે કોનું નામ હતું તે કંઇ મ્હારાથી અજાણ્યું ન હતું. મ્હારા પિતાની સમૃધ્ધિનો ઉદય શી રીતે થયો હતો તે આ વેળા મ્હારા મનમાં

પાછું તરી આવવાથી હું શરમીંદો બની ગયો તથા તેના મ્હોં આગળ હલકો પડી ગયો હોઉં એમ મને લાગ્યું અને મ્હારૂં મગજ એટલા ધબકારા મારવા લાગ્યું કે તે હમણા ફાટી જશે એવી મને ભીતિ લાગી.

"હા. એવા નિષ્ઠુર હૃદયવાળા માણસોનો પૃથ્વીપર જન્મ પણ થવો ન્હોતો જોયતો. તેના નામના અક્ષરો વાંચતાંજ તેની ઉપરનું સીરનામું જોતાંજ મ્હારા મનમાં કમકમાટ ઉપજ્યો. જે મિલ્કતનો તે ઉપયોગ કરે છે–પોતાની કહીને ભેટો મોકલાવી મગરૂરીમાં તણાય છે–તેના ઉપર તેનો હક્કજ નથી. અરે ! તમે બધી વાત જાણતા હો તો તમારાં રૂવેરૂવાં ઉભાં થાય !"

"પણ મ્હારે તે જાણવી છે. મને કહો તો ખરાં ?" આમ બોલતાં બોલતાં મ્હારા મ્હોં ઊપર કંઇક એવી કડવાશ આવી ગઇ કે તે જોઈને તે જરા બ્હીની–તેને એમ લાગ્યું કે પોતાનું બોલવું મને પસંદ નથી.

"જાઓ ત્યારે, આમ કરશો તો હું નહિ બોલું, તમે એ રાક્ષસી માણસનાં કૃત્યો કેવાં કુડાં હતાં તે સાંભળો તો તમને એમ લાગ્યા વિના રહેજ નહિ કે હું જે કહું છું તે અક્ષરે અક્ષર સાચું છે. એના બાપે એ મિલ્કત મ્હારા બાપની પાસેથી પચાવી પાડેલી છે ને તેના ઉપર એ તાકડધીના કરે છે. અરે! એથી પણ વધારે–એનો બાપ તો એક ખુની હતો. ! !"

"ખુની !–તમે જાણો છો ?"

"એણે મ્હારા બાપનો જીવ લીધો છે તે મ્હારાથી કેમ ભૂલાય? લોકો તો બધા ભલે આપઘાત કર્યાનું કહે પણ અમે ઘરનાં ખરી વાત જાણીએ છીએ તે અમારાથી કંઈ પાપ ઢાંકયું નથી રહ્યું. શું કરીએ

અમે દરિદ્ર થઇ ગયાં—ચીથરે હાલ થઇ ગયાં—અમારૂં કોણ સરીગત ? બળીઆના એ. ફાવ્યો વખણાય—જુઓ, એની કેવી દશા છે અને આ મ્હારા કેવા હાલ છે ? આજ કેવું ભુંડું કામ કરવાને હું લલચાઈ હતી?"

"તમે જેને ખુની કહો છો તે હાલ હયાત નથી ?"

"ના, પણ તેનું કુટુંબ કંઈ નિર્મૂળ થયું છે ? એનો પુત્ર છે, અને તે અમને પાયમાલ કરવામાં પાછી પાની કાઢતો નથી. અમારી દશા દિન પરદિન વધારે કંગાલ થતી જાય છે તે એને લીધેજ."

"જરા થોભો"—મ્હેં જુસ્સામાં આવી જઇને કહ્યું—મ્હારી વાત સાંભળો—તમને જેણે કમકમાટ ઉપજાવ્યો હતો તે વાળીની ભેટ આપનાર હુંજ છું."

આ શબ્દો મ્હારા મ્હોંમાંથી નીકળ્યા એટલામાં તો એ કેમ જાણે વજ્રાઘાત થયો હોય—વિદ્યુત્ પ્રહાર થયો હોય—તેમ સ્તબ્ધ—બેબાકળી—બેહોશ—બની ગઈ. એના ચહેરા ઉપરથી લોહી ઉડી ગયું અને હમણાંજ જાણે ધબ લઇને નીચે પડશે એમ મને લાગ્યું. એણે પોતાના હાથ એક ઉંડો નિશ્વાસ નાંખીને પોતાની આંખ્યો ઉપર દાબી દીધા. પણ બીજી ક્ષણેજ પાછી સાવધ બનીને ટેબલપર હાથ ટેકવીને ઉઠવાનું કરતાં મને કહેવા લાગી કે—"મને જવા દો. મ્હેં આપનો મ્હોટો અપરાધ કર્યો છે"—એમ કહીને એ બે ડગલાં ભરી આગળ ચાલતી હતી ત્યાં મ્હેં એનો હાથ પકડીને એને રોકી અને કહ્યું—"નહિ, એમ નહિ થાય આપણે બંનેએ હવે દીલ ખોલીને પૂરી વાત કરવી જોઇએ. ચાલો આપણે ગાડીમાં ખુલાસો કરીએ." આટલું કહેતાં કહેતાં મ્હેં એને પરાણે પરાણે બહાર લાવીને ગાડીમાં બેસા-

ડી અને હું પણ ચઢી બેઠો. ત્યાં તો એ ભાગે તૂટે અક્ષરે બોલી ઉઠી કે–હવે બાકી શું રહ્યું છે ?"

મ્હેં કહ્યું:–"લીલાવતી ! તમારે કંઈ નથી રહ્યું પણ મ્હારે ઘણું કહેવાનું છે. આ પ્રસંગને માટે હું વરસોનાં વરસથી રાહ જોયા કરૂંછું–તલપી રહ્યો છું. મ્હેં 'સાંજ વર્તમાન'માં 'ગુજરાતી' માં–કયસરે હિન્દ'માં–'મુંબાઈ સમાચાર'માં–જાહેર ખબરો આપી હતી તેનો તમે જવાબ કેમ વાળ્યો નહિ ?"

"તમે, શું નગીનદાસ ! એમ ધારોછો કે અમારી પાસે એ વ-ર્તમાન પત્રોનાં લવાજમ ભરવા જેટલાએ પૈસા હતા ? ખાવા પીવાના સાંસા ત્યાં વ-ર્તમાન પત્ર વાંચવાની કે જોવાની તો વાતજ શી કરો છો ?"

"પણ તમારૂં કોઈ સ્નેહી તમને એ વિષે વાત કરે એવુંએ નહિ હોય ?"

"સગાં તો કહેવાનાં ઘણાંએ છે. પણ મદદ કરવા કોણ આવે છે ?–વળી અમે અહીં આવ્યાં છીએ પણ હમણાં થોડાક દિવસ થયા પહેલાં તો આપઘાતનું નામ પડયું એટલે પોલીસે સતાવવામાં કાંઈ બાકી રાખી નહિ ને તેમાં માંડમાંડ ઠેકાણું પડયું; ત્યાં લેણદારો જાગ્યા તે કહીં જંપીને બેસવા દેજ નહિ. મ્હારી માતાને એમ લાગ્યું કે હવે તો આ કમનશીબ નામ બદલીને બીજેજ નામે કોઈ દૂર ભાગમાં જઇને વસતું. તેથી અમે નવસારીમાં રહેવા ગયાં. ત્યાં અમારી ખરચી તદન ખુટી ને અધુરામાં પુરી મ્હારી માતા બિચારી આ ચિન્તામાં ને ચિન્તામાં સુકાવા લાગી. એનું શરીર ચાલ્યું ત્યાં

સુધી એણે ઘરનું કામકાજ કરીને એ બોજો માથે ઉપાડયો અને એક ખાનદાન પારસી કુટુમ્બમાં છોકરાંને ભણાવવા હું રહી તે માંડ માંડ અમારૂં પેટ ભરતાં. પણ તેવામાં ઓચીંતો મ્હારી માતાને પક્ષાઘાત થઈ આવ્યો તેથી મ્હારા ભલા શેઠે ભાડું આપીને અમને બંનેને મુંબાઈ વિદાય કર્યાં. અહીં આવ્યા પછી દાકતરની ફી ક્યાંથી અપાય? તેમ ભાડુતી ગાડીના પૈસા પણ પૂરા મળે નહિ, તેથી ઘરગતુ ઉપચાર ચલાવીએ છીએ પણ હવે એ બિચારી બહુ રીબાય છે. એ મને બહુ વ્હાલી છે છતાં એના હિતની ખાતર મને એમ થાય છે કે આ દુઃખમાંથી એ છૂટે તો સારૂં. હું આજ સુધી કદીં બહારે નીકળી ન હતી પણ અમારા આવ્યાની વાત શેઠ હુરકીસનદાસને કાને પડી હશે તે એમણે વળી આમંત્રણ કાર્ડ મોકલ્યું. અમને તો ખરેખર તે મશ્કરી કરવા જેવુંજ લાગ્યું કેમકે અમારી સ્થિતિ કંઈ તેમના જાણવામાં ન હોય એમ તો બનેજ નહિ. પણ મ્હારી માતાને એમ થયું કે' લીલા—હું હવે કોણ જાણે કેટલાએ દહાડા જીવીશ! બેટા—તું એકવાર ત્હારી એકની એક સાડી રાખી મૂકેલી છે તે, ને બેચાર દાગીના રહી ગયા છે તે પહેરીને આજ તો જરા બહાર ફરી આવ. ત્હારો પગ છૂટો થાય. અને બે માણસમાં હરવા ફરવાથી જરા મનને પણ ચેન પડે—ત્હારાં આ કંગાલ વસ્ત્રોમાં તને હંમેશ મ્હારી પાસે બેઠેલી જોઉં છું તેથી મ્હારૂં કાળજું કપાઈ જાય છે. એકવાર તને ત્હારી પૂર્વસ્થિતિનું ભાન કરે એવાં વસ્ત્રોમાં સજ્જ થએલી જોઈને હું મ્હારી નજર ઠારીશ તો પછી મ્હારો જીવ ગતે જશે. પરમેશ્વરે મ્હારે લીધે તને પણ દુઃખ સહન કરાવવામાં બાકી રાખી નથી પણ કહે છે કે કોઈનાએ

બારે મહિના સરખા જતા નથી તો કદાચ આપણી દશા ફરવાની હોય ને શેઠનું મન તને જોઇને પલળેએ ખરૂં દૂરથી વાતો સાંભળે ને પ્રત્યક્ષ જુએ તેમાં ફેર.'

"આ પ્રમાણે મ્હારી માતાના અતિ આગ્રહથી હું આજ બહાર નીકળી તો ત્યાં મ્હારી ગાડીનો અકસ્માત થયો ને તમારૂં ઓળખાણ થયું. આજ છેવટનો રૂપિયો હતો તે ગાડીભાડામાં ગયો-કાલ શું થશે તે પ્રભુ જાણે. શેઠને કે શેઠાણીને તો કંઇ અમે સાંભરતાં હોઈએ એમ દેખાતુંએ નથી. તેથી મને લાગે છે કે મ્હેં આજ આમ આવવામાં મ્હોટી ભૂલ કરી છે."

"નહિ-નહિ-પ્રભુની પ્રેરણાથીજ તમારૂં આજ બહાર નીકળવાનું થયું છે એમ હું માનું છું. નહિ તો મને આવો સંજોગ ક્યાંથી મળત. તમને શોધી શોધીને હું થાક્યો અને અંતે નિરાશ થઈને, મ્હારૂં કહેવાતું ધન કોઈ ધર્માદા સંસ્થામાં અર્પી દેવાનો તથા આફ્રિકામાં મ્હારે ધંધે પાછો વળગવાનો હું વિચાર કરતો હતો ત્યાં તમે અણધાર્યાં આમ મળી ગયાં તેથી મ્હારા જીવને બહુ નીરાંત થઈ."

આમ બોલતાં બોલતાં **લી**લાવતી જે માળામાં રહેતી હતી તેની પાસે ગાડી આવી પહોંચી. ગાડીમાંથી હું ઉતરી ગયો ને મ્હારો હાથ આપીને મ્હેં એને ઉતારી પરંતુ મ્હારો હાથ એકદમ ખેંચી લેવાને બદલે મ્હેં તેના હાથમાં થોડીવાર મેળવી રાખ્યો ને તેણે પણ તે રહેવા દીધો. હવે અમારે છૂટાં પડવાનું હતું તેથી તે કહેવા લાગી કે "તમારા ઉપકારનો બદલો હું કંઈ વાળી શકું એમ નથી. તમારે માટે મ્હેં જે કડવાં વેણ કહ્યાં છે તેનો મને ઘણો પસ્તાવો થાય

છે. મ્હારો ગુન્હો માફ કરો એ કહેવાને પણ મ્હારી જીભ ઉપડતી નથી. અમારી અંધારી ઓરડીમાં તમને લઈ જવાની હિંમત ચાલતી નથી. મ્હારૂં તો ગમે તે થાઓ પણ મ્હારી બિચારી અનાથ માતાનું શું થશે તેની મને મ્હોટી ફિકર પડી છે!"

આમ બોલતાં બોલતાં એની આંખમાંથી આંસુ ટપક્યાં તે મ્હારા હાથ ઉપર પડતાં મને તેનું દુઃખ તે વેળાજ દૂર કરવા માટે અતિ ઉત્સુકતા થઈ આવી પણ અંધારી રાતે મ્હારા જેવા અજાણ્યાએ તેની સાથે તેના ઘરમાં જવું એ તેને માટે તેમ મ્હારે માટે પણ સારૂં નથી એમ મને લાગવાથી હું તે વેળા તેની રજા લઈને છુટો પડયો પણ જતી વેળા મ્હેં એટલું જણાવ્યું કે, "હવે, લીલા અહીંથી મુકામ ફેરવીશ નહિ. હું તને જ્યાં હઈશ ત્યાંથી શોધી કાઢયા વિના તો નહિ રહું. કેમકે ત્હારૂં બાળપણનું મુખ સ્વપ્નામાં હું વર્ષો થયાં જોયાં કરૂં છું ને આજ પ્રત્યક્ષ મળ્યો છું તેથી પત્તો મેળવ્યા વિના તો નહિ રહું. પણ હવે મ્હારા ઉપર એટલો ઉપકાર કરીને રાતની રાત અહીં ત્હારી માતા સાથે રહેજે. ઇશ્વર કરશે તો આજની રાત તમારા દુઃખી સંસારની છેવટનીજ નીવડશે."

આવી રીતે ધીરજથી એને આશ્વાસન આપીને એનાથી હું ચીરાતે હૈયે છુટો પડયો. એના પગનો શબ્દ માળા ઉપર ચઢતાં સંભળાયો ત્યાં સુધી તો ત્યાંથી હું ખસ્યો પણ નહિ પરંતુ આખરે બધું શૂન્યકાર જણાયાથી ગાડીમાં બેસીને મ્હારે મકાને આવ્યો.

કપડાં કાઢીને ઉંઘવાને મ્હેં ઘણાં ફાંફાં માર્યાં પણ આ અણધાર્યા સંયોગનો વિચાર કરતે કરતે,—જેને હું આખો

જન્મારો શોધતો હતો તેનો આમ અચાનક મેળાપ પ્રભુએ એક પલકમાં કરાવી દીધો તેથી તેની દયાને માટે તેનો પાડ માનતે માનતે તેને જોતાંજ, તેના અસહ્ય દુ:ખની વાત સાંભળતાંજ, મને થએલી અનુકંપામાંથી તથા તેની કોમલતા અને લાવણ્યતાથી ઉત્પન્ન થએલી પ્રેમાળ વૃત્તિમાંથી ફુટતા અંકુરોનો આનંદ અનુભવતે અનુભવતે, આખી રાત મ્હેં જાગૃત અવસ્થામાંજ ગાળી.

પ્રાત:કાળ થતાંજ અમારા કુટુંબના દાક્તરને તેડીને હું લીલાવતી જ્યાં રહેતી હતી ત્યાં ગયો. તેની માતાને તેણે ગઈ રાતની વાત કરેલી હોવી જોઈએ તેથી પ્રથમ જો મને તેણે અચાનક જોયો હત તો મ્હારે માટે તેને જે દ્વેષ ભાવ ઉત્પન્ન થાત તેને બદલે આ વેળા મ્હારે માટે તેને કંઈક સારી લાગણી થતી હોય એમ મને તેના આવકારથી ભાસ્યું. તેની શરીર–સ્થિતિ ઘણી નબળી પડી ગઈ હતી. કોઈ સારા દાક્તરની સાહાય્ય વિના તેનો રોગ અસાધ્ય થવાની ભીતિ રહેતી હતી. પરંતુ હજી તેનું વય ઝાઝું નહિ હોવાથી, તુરત સંભાળ લેવામાં આવે તો મંદવાડમાંથી ઉઠીને ઉભાં થાય એવી અમારા દાક્તરે આપેલી સંપૂર્ણ આશાથી, બંને માદીકરીના જીવને પણ કંઈક જંપ વળ્યો. પહેલું કામ તો અમે એ કર્યું કે તેમનો આવાસ ત્યાંથી ફેરવીને દરિયા કિનારા પાસેના અમારા એક ખુલ્લી હવા તથા પ્રકાશવાળા સુંદર બંગલામાં રખાવ્યો. ગાડી ઘોડાની તથા તેનાથી માણસોની સગવડ થવાથી, પુષ્ટિકારક ખોરાક મળવાથી અને દાક્તર સાહેબની મદદથી થોડાજ દિવસમાં પ્રભુકૃપાથી રોગનું જોર અટક્યું હોય એમ જણાયું. દિવસમાં બેવાર મ્હારૂં પણ ત્યાં જવું થતું ને

તે પ્રસંગે **લી**લાવતી સાથે બેસવું ઉઠવું થતું તેથી અમારો સહવાસ વધતો ગયો અને જેમ જેમ એક બીજાના વિચારો અમારા જાણવામાં આવતા ગયા તેમ તેમ અમને જણાયું કે ઈશ્વરે અમારૂં જોડું નિર્મિત કરી રાખેલું હોવું જોઈએ. એની માતાને પણ આવો સંબંધ ઇષ્ટ હોવાથી અમારી મનઃકામના પૂર્ણ થવામાં કંઈ વાંધો આવ્યો નહિ. કાળક્રમે હું **લી**લાનો વૈરી મટીને વર બનવાને ભાગ્યશાળી થયો છું, તથા જે મિલ્કતની એ હક્કદાર હતી તે એની સાથે રહીને પરોપકારનાં કાર્યોમાં એનેજ હાથે વપરાતી જોવાની મ્હારી ઈચ્છા હવે ફળીભૂત થઇ છે.

—કેટલાંક પુસ્તકો—

	કિંમત
ગુજરાતી નિબંધો	રૂા. ૦–૧૨–૦
આંતરજીવન	,, ૦– ૮ –૦
મરણોત્તરજીવન	,, ૦– ૪ –૦
ગુરૂપ્રસાદ	,, ૦– ૨ –૦
અંગ્રેજી શિક્ષક	,, ૦– ૬ –૦

બાલસાહિત્ય પ્રકાશ મંદિરમાંથી મળશે.

Published by:- Veerbal H. Mehta.
S. T. C; F. T. S.
Balsahitya Prakash Mandir,
Near City Post Office, Baroda.

Printed by
Thakordas Mansing, at the "Surat City"
Printing Press, Near Chowta Bridge,
SURAT.

બાલવાર્તાવલિના પ્રથમ છપાએલા

હરેકનું મૂલ્ય એક આનો છે.

અંક ૧ લો. મહારાજા કનકકાન્ત (દ્વિ. આ. સચિ-
,, ૨ જો. જાદુઈ દીવો.
,, ૩ જો. વેદીઆ ઢોર.
,, ૪ થો. સત્યવચની વિક્ટર (સચિત્ર)

બધા માટે પોસ્ટ ખર્ચ જૂદું સમજવું.

ઉપરનાં પુસ્તકો નીચેને ઠેકાણેથી મળશે.

માલીક–બાલસાહિત્ય પ્રકાશ મંદિર–વડોદરા.

અને

દયાશંકર ભાઈશંકર શુક્લ,

ઠે. સોનીફળીઆ–સુરત.